ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૩.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૭૬ ટકા

# શહેરમાં ટામેટા, બટાકા અને ડુંગળીના ભાવ આસમાને



ગાંધીનગર, તા.૨૪

હાલ ના તો કોઈ તહેવાર આવે છે ના તો શુભ દિવસો છતાંય માર્કેટમાં શાકના ભાવમાં વધારો નોંધાઈ રહ્યો છે. આમ તો કહેવાય છે કે જયારે માર્કેટમાં માંગ વધવાની હોય ત્યારે શાકભાજીના ભાવ પણ વધી જાય છે પરંતુ હાલ કોરોના કાળમાં તો શાકનું સંપૂર્ણ વેચાણ થશે કે નહી તે પણ નાના વેપારીઓ માટે પ્રશ્ન હોય છે ત્યારે શહેરમાં શાકભાજીના ભાવ આસમાને પહોંચ્યા છે જેને કારણે હોટલધારકો અને ગૃહિણીઓ ચિંતામાં મુકાઈ ગયા છે. જયારે બટેકાનો ભાવ ૨૦ રૂપિયે કિલો હતો તે આજે ૪૦ રૂપિયે કિલો થઈ ગયા છે. ડુંગળી ૮૦ રૂપિયે કિલો અને ટામેટા ૧૦૦ થી ૧૨૦ રૂપિયે કિલો જે ખરીદવા કે નહિ તેવો પ્રશ્ન શહેરની ગૃહિણીઓને થઈ રહ્યો છે.

પાચલા ઘણા દિવસોથી શાકભાજીના ભાવમાં સતત વધારો જણાઈ રહ્યો છે. આમ તો વર્ષાઋતુ હરિયાળી લઈને આવે પરંતુ આ વખતે વધુ પ્રમાણમાં પડેલા વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાઈ જતા શાકભાજીની આવક ઘટી છે. જેને કારણે શાકભાજીના ભાવમાં વધારો થયો છે. હવે ખેતરમાંથી પાણી સુકાય પછી જ શાકભાજીની પ્રમાણસર આવક થાય તેવું જાણીતા વેપારીનું કહેવું છે. તેઓ એમ પણ કહી રહ્યા છે કે તેમને પણ જથ્થાબંધ ભાવે શાકભાજી મોંઘા જ પડી રહ્યા છે એટલે સ્વાભાવિક છે કે છુટક શાક મોંઘા થાય. નાસિકથી આવતી ડુંગળી મહારાષ્ટ્રમાં તથા વરસાદને કારણે અહીં પહોંચી નથી. ઉપરાંત કોલ્ડસ્ટોરેજમાં જ બધા બટાકા જતા રહે છે અને જે બાકી રહે છે તેનો ભાવ ઊંચો આવી ગયો છે. કોથમીર ૨૦૦ થી ૨૫૦ રૂપિયે કિલો થઈ ગઈ છે જયારે ટામેટા ૧૦૦ થી ૧૨૦ રૂપિયે કિલોએ પહોંચ્યા છે. જે એક રીતે દોઢ ગણાં ભાવ વધ્યો તેમ કહી શકાય. શહેરીજનો શાકભાજીની ખરીદી કરવા જાય ત્યારે બહુ સમજી વિચારીને શાક લે છે. તેમાંય અમુકની ફરિયાદ છે કે તેમને ફીક્કુ શાક મળી રહ્યું છે. આ બાબતે શાકના વેપારીઓને પૂછતા તેઓ જણાવે છે કે, અમે હવે દર બે કે ત્રણ દિવસે જ શાકની ખરીદી કરીએ છીએ કારણ કે બજારમાં પ્રમાણમાં શાક જોઈએ તેટલું છે જ નહિ ઉપરાંત રાત્રે રેસ્ટોરન્ટ ધારકો શાક લઈ જતા પણ ઓછી ઘરાકીને કારણે તેઓએ પણ શાકભાજીની ખરીદી કરવાનું પ્રમાણ ઘટાડી દીધું છે. આમ જોઈએ તેવું ફ્રેશ શાક નહિ મળવા સાથે પૈસા આપતા પણ શાકભાજી પ્રમાણમાં ફ્રેશ ન મળતા વસાહતીઓ રોષે ભરાયા છે. અમુક તો શાક લેવા જાય છે પણ એમતેમ પાછા આવે છે અનો ગૃહિણીઓએ તો ટમેટા સામે જોવાનું જ બંધ કરી દીધું છે.

## સે-૫-એમાં ગટર ભરાઈ જવાથી દૂષિત પાણી બેક મારવાની સમસ્યા

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં કેટલાક વિસ્તારમાં ગટર ઉભરાવાની, દૂષિત પાણી આવવાની વગેરે સમસ્યાઓ સર્જાઈ રહી છે. શહેરના સેકટર-૫-એ ખાતે પ્લોટ નં. ૨૬૫/૨ નજીક પણ ગટર ભરાઈ જવાથી દૂષિત પાણી બેક મારવાની સમસ્યા સતાવી રહી છે. આ સમસ્યા અંગે સ્થાનિક રહીશ એમ.આઈ. પટેલ દ્વારા ફરિયાદ નં. ૧૧૪૫ થકી તંત્રને ફરિયાદ પણ નોંધાવી હોવા છતાં તેનો કોઈ ઉકેલ આવતો નથી અને રહીશોને સહન કરવું પડી રહ્યું છે. આ સાથે સેકટર-૫-એમાં ઠેર ઠેર ગટર ઉભરાવાની સમસ્યા સર્જાઈ રહી છે ત્યારે સત્વરે આ ફરિયાદોને ધ્યાને લઈને યોગ્ય કાયમી નિરાકરણ આવે તે દિશામાં પગલાં લેવાય તે જરુરી બન્યું છે. જેથી રોગચાળાના આ સમયમાં નાગરિકોના સ્વાસ્થ્ય પર તોળાતા ખતરાને ટાળી શકાય.

## માસ્ક વિના ફરતા ૬ નાગરીકો પાસેથી ૬ હજાર દંડની વસુલાત

ગાંધીનગર, તા.૨૪

કોરાનાએ કહેર મચાવ્યો છે. સરકાર દ્વારા તેમજ સોશિયલ મિડીયા પર તેનાથી બચવા માસ્ક પહેરવું આવશ્યક છે તેવી અનેક જાહેરાતો કરી નાગરિકોને સચેત કરવામાં આવ્યા છે તેમ છતાં કેટલાક નાગરીકો લાપરવાહ બનીને હજુ પણ માસ્ક વિના ફરતા નજરે પડી રહ્યા છે. ત્યારે આજે જિલ્લા સેવા સદન ખાતે માસ્ક ન પહેરવા બદલ ૬ નાગરીકો સામે દંડનીય કાર્યવાહી કરીને રૂ.૬ હજારના દંડની વસુલાત કરવામાં આવી હતી.




વિવિધ બિમારીઓનો ઉપદ્રવ વધ્યો છે ત્યારે રોગ પ્રતિકારક શકિત વધારવા માટે આયુર્વેદિક ઉકાળાઓનું વિતરણ ઠેર ઠેર થઈ રહ્યું છે. સેકટર-૫એમાં ઉકાળા વિતરણ કેન્દ્ર શરૂ કરાયું છે. જેનો વસાહતીઓ મોટી સંખ્યામાં લાભ લઈ રહ્યાં છે. સેકટરના આગેવાનો કેસરીસિંહ બિહોલા, ઘનશ્યામસિંહ ગોલ, કાનજીભાઈ દેસાઈ, વિઠ્ઠલભાઈ પરમાર, નરેશભાઈ પરમાર, વિનોદભાઈ ભટ્ટના પ્રયત્નોથી ઉકાળા વિતરણ કેન્દ્ર શરૂ થયું છે.

## ગાંધીનગર પોસ્ટલ ડિવિઝન દ્વારા ટપાલ જીવન વીમા એજન્ટોની નિમણૂક માટે ૫મી ઑક્ટોબરે 'વૉક ઈન ઈન્ટરવ્યૂ' યોજાશે

ગાંધીનગર, તા.૨૪

ભારતીય ટપાલ વિભાગના ગાંધીનગર ડિવિઝન દ્વારા ટપાલ જીવન વીમા/ગ્રામીણ ટપાલ જીવન વીમા એજન્ટની નિમણૂક માટે આગામી તા.૫/૧૦/૨૦૨૦ના રોજ સવારે ૧૦થી બપોરે ૧૨ વાગ્યા દરમિયાન ગાંધીનગર સુપ્રિન્ટેન્ડેન્ટ ઑફ પોસ્ટ ઑફિસની કચેરી ખાતે 'વૉક ઈન ઈન્ટરવ્યૂ'નું આયોજન કરવામાં આવ્યું છે.

ગ્રામીણકક્ષાએ પાંચ હજારથી ઓછી વસ્તીવાળા ગામમાં ઓછામાં ઓછા ધો.૧૦ પાસ અને પાંચ હજારથી વધુ વસ્તીવાળા ગામમાં રહેતા ઓછામાં ઓછી ધો.૧૨ પાસની લાયકાત ધરાવતા ૧૮થી ૫૦ વર્ષની વયના ઉમેદવારો આ ઈન્ટરવ્યૂમાં ભાગ લઈ શકશે. ઈન્ટરવ્યૂ માટે આવતાં ઉમેદવારોએ પોતાની અરજી સાથે પાસપોર્ટ સાઈઝનો ફોટો, ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અનુભવ સહિતનાં અન્ય આવશ્યક પ્રમાણપત્રો અસલ તથા પ્રમાણિત નકલમાં સાથે લાવવાનાં રહેશે. ઈન્સ્યોરન્સ અને કોમ્પ્યુટરની જાણકારી ધરાવતાં સ્થાનિક ઉમેદવારોને અગ્રતા આપવામાં આવશે તેમ ગાંધીનગર પોસ્ટ ડિવિઝનના સિનિયર સુપ્રિન્ટેન્ડેન્ટની યાદીમાં જણાવ્યું છે.

## સ્ટ્રીટ લાઈટ તો બંધ, તેની ફરિયાદ માટેનો ટોલ ફ્રી નંબર પણ બંધ...!!

ગાંધીનગર, તા.૨૪

એક તરફ ગાંધીનગરમાં અનેક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ બંધ હોવાની ફરિયાદો ઉઠી રહી છે તે સ્થિતિમાં એલઈડી સ્ટ્રીટ લાઈટ અંગે ફરિયાદ કરવા માટે તંત્ર દ્વારા જાહેર કરવામાં આવેલ ટોલ ફ્રી નંબરની સુવિધા પણ કાર્યરત ના હોવાની રાવ ઉઠવા પામી છે. આ સમસ્યા અંગે શહેરના વોર્ડનં.૮ના મ્યુનિસિપલ કાઉન્સિલર પ્રવિણાબેન વોરા દ્વારા પાટનગર યોજનાના વિદ્યુત વિભાગના અધિક્ષક ઈજનેરને પત્ર લખી એલઈડી સ્ટ્રીટ લાઈટ કમ્પ્લેઈન માટેનો ટોલ ફ્રી નંબર ૧૮૦૦ ૧૮૦૩૫૮૦ બંધ હોવાની રજૂઆત કરી તેને સત્વરે કાર્યાન્વિત કરવા માંગ કરી છે. આ ટોલ ફ્રી નંબર બંધ હોવાથી પ્રજાને ભારે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. કેમ કે એક તો સ્ટ્રીટ લાઈટ બંધ હોવાથી ચોમાસાની ઋતુમાં રાત્રિના સમયે પડતી તકલીફની રજૂઆત હવે કેવી રીતે કરવી તે એક સમસ્યા બની જવા પામ્યું છે.



કુદરતની કરામત અદભૂત હોય છે. ફળ-ફૂલમાં કયારેક ગણપતિના દર્શન થાય છે તો કયારેક અન્ય કોઈ દેવી દેવતાના.... સેકટર-૫માં કાનજીભાઈ દેસાઈના ઘરઆંગણે બનાવેલા બગીચામાં પપૈયાના વૃક્ષમાં ઘણા બધાં ફળો આવ્યા છે. આ ફળોમાં એક ફળ એવું છે જેને આપણે અજાયબ કહી શકીએ. મોટા ભાગે પપૈયાનું ફળ લંબગોળ હોય છે પરંતુ આ પપૈયું પાંચ ખૂણાવાળુ છે. જેને જોઈ સૌ કોઈ અચરજ પામી રહ્યા છે.

# સેકટર-૨૧ પોલીસ વિસ્તારમાં તરખાટ મચાવનાર બે રીઢા ઘરફોડીયા ઝડપાયા

### એલસીબી-૨ પોલીસે મોબાઈલ, લેપટોપ, ટીવી, દાગીના મળી કુલ રૂ.૩,૨૦,૪૨૧નો મુદ્દામાલ કબ્જે કર્યો : ચોર ઈસમો ખાસ સરકારી આવાસને ટાર્ગેટ કરતા હતા

**આરોપીઓ પાસેથી મળી આવેલો મુદ્દામાલ**

- એક આઈટેલ કંપનીનો મોબાઈલ ફોન કિં.૫૦૦૦
- એક સેમસંગ કંપનીનો મોબાઈલ ફોન કિ.૫૦૦
- એક જોડ બુટ્ટી મોર ડિઝાઈનની કિં.૧૪,૧૮૦
- એક ગણપતિ આકારનું પેંડલ કિ.૬,૭૯૪
- એક પાન આકારનું પેંડલ કિં.૧૦,૧૪૨
- પગમાં પહેરવાની એક જોડ ઘુઘરી વાળી પાયલ કિં.૨૩૦૫
- મરૂન કલરનું એલ.જી.કંપનીનું એલસીડી ટીવી કિં.૩૫,૦૦૦
- એક કાળા કલરનું વિડીયોકોન કંપનીનું એલસીડી ટીવી કિં.૪૫,૦૦૦
- એક કાળા કલરનું એચએમ કંપનીનું એલસીડી ટીવી કિં.૮૦૦૦
- એસ સોની બ્રાવિયા કંપનીનું ટીવી કિં.૫૮૦૦૦
- એક એલ.જી.કંપનીનું એલઈડી ટીવી કિં.૪૫૦૦૦
- એક ડેલ કંપનીનું લેપટોપ કિં.૨૦,૦૦૦
- એક એસર કંપનીનું લેપટોપ કિં.૨૫,૦૦૦
- એક સીએનજી રીક્ષા જી.જે.૧૮.એ.વાય-૩૨૮૫ કિં.૫૦,૦૦૦

**આરોપીઓનો પૂર્વ ઈતિહાસ અને ચોરી કરવાની એમઓ**

આરોપી રવિ દલસુખ દંતાણી સામે સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં ૬ ગુના અને ઈન્ફોસીટી વિસ્તારમાં એક ગુનો, જયારે આરોપી યોગેશ ઉર્ફે યોગો દિલિપ દંતાણી જુગારધારાના કેસમાં પોલીસના હાથે ઝડપાયેલ છે. જયારે આરોપી મકાનની બારીની ગ્રીલ હેકસો બ્લેડ વડે કાપી નાંખીને મકાનમાં પ્રવેશ કરતા હતા. તે ઉપરાંત મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડી અંદર પ્રવેશતા હતા અને ચોરીને અંજામ આપતા હતા. જયારે ચોર ઈસમો મોટાભાગે સરકારી મકાનને ટાર્ગેટ કરતા હતા.

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં છેલ્લા બે વર્ષમાં થયેલી ૮ ઘરફોડ ચોરીનો ભેદ એલસીબી-૨ પોલીસે ઉકેલી દીધો છે. આ ચોરીમાં સંડોવાયેલા બે રીઢા ઘરફોડીયાઓએ સરકારી મકાન અને દુકાન સહિત ઉચ્ચ અધિકારીઓના મકાનમાં પણ હાથ ફેરો કર્યો હોવાનું સામે આવ્યું છે.

મળતી વિગત મુજબ ગાંધીનગર રેન્જ આઈજી અભય ચુડાસમા અને જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાની સુચનાથી એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો કાર્યરત હતા. તે સમયે એએસઆઈ હરદેવસિંહ અને કોન્સ્ટેબલ નરેશભાઈ તેમજ સુરેન્દ્રસિંહને ખાનગી રાહે સંયુકત બાતમી મળી હતી. જેને પગલે પોલીસે સચિવાલય પાસેથી રવિ દલસુખ દંતાણી (ઉં.૨૨, કોબા સર્કલ પાસે આંબાવાડી), તેમજ યોગેશ ઉર્ફે યોગો દિલિપ દંતાણી (ઉં.૧૯ મીના બજાર પાછળના છાપરા)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસે આરોપીઓની પુછતાછ કરતા તેઓએ સેકટર-૨૧ પોલીસ મથક વિસ્તારમાં કરેલી ૮ ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી જવા પામ્યો છે. પોલીસને તેમની પાસેથી રૂ.૩૦ હજારથી વધુના દાગીના, બે ફોન, પાંચ ટીવી, બે લેપટોપ, અને સીએનજી રીક્ષા મળી કુલ રૂ. ૩,૨૦,૪૨૧ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયો હતો. આરોપીઓને એલસીબી-૨ પોલીસે સેકટર-૨૧ પોલીસ મથકને સોંપતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.



## સે-૩ ન્યુમાં નવરાત્રીના ગરબા નહીં યોજાય

ગાંધીનગર, તા.૨૪

સમગ્ર વિશ્વમાં કોરોના કેસની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે સાથે નગરમાં પણ કોરોનાના કેસ વધી રહ્યા છે. સેકટરોમાં પણ કેસ ઓછા તો નથી જ ત્યારે સે-૩ ન્યુ દ્વારા આ તમામ ગંભીર બાબતોને ધ્યાનમાં લઈ વસાહિતોના સામુહિક હિતમાં નવરાત્રીની ઉજવણી ઉચિત ન જણાતા તા. ૧૭ ઓકટોબરથી ૨૫ ઓકટોબર સુધી નવરાત્રિ મહોત્સવ સાથે ગરબાની ભવ્ય ઉજવણી તથા શોભાયાત્રાનો કાર્યક્રમ-૨૦૨૦ બંધ રાખવામાં આવ્યો છે તેમ સે-૩ ન્યુ નવરાત્રિ મહોત્સવ સમિતિના મંત્રી બિપીનભાઈ પરમાર જણાવે છે તથા તેઓ વધુમાં જણાવે છે કે તા. ૧૭ ઓકટોબર એટલે કે નવરાત્રીના પ્રથમ દિવસે સવારે માતાજીની સ્થાપન વિધિ કરાશે અને નવરાત્રિના ૯ દિવસ દરરોજ રાત્રે ૮.૩૦ કલાકે સાદી આરતી કરવામાં આવશે.

## સ્વ. મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા માતા-પિતા વિનાની દિકરીના સમૂહ લગ્ન યોજાશે

ગાંધીનગર, તા.૨૪

વર્ષ ૧૯૯૬ થી નિઃશુલ્ક જમવાની વ્યવસ્થાનો સેવાયજ્ઞ કરતી સંસ્થા સ્વ. મુકતાગૌરી ચેરીટેબલ ટ્રસ્ટ રજતજયંતિ વર્ષ ઉજવી રહ્યું છે. આ નિમિત્તે ટ્રસ્ટ દ્વારા મા-બાપ હયાત ન હોય તેવી દિકરીઓના સમુહલગ્નનું આયોજન તા. ૧૦ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ કરવામાં આવ્યું છે. ટ્રસ્ટના પ્રમુખ વિભાબેન ઠકકર દ્વારા સમૂહલગ્નનો લાભ લેવા ઈચ્છુકને સંસ્થાના પ્રમુખનો મો. ૯૦૯૯૦૩૨૯૨૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# વાવોલની કોલવડા ચોકડીથી કિર્તીધામ તરફના માર્ગે ભારે વાહનોની અવરજવરથી રહીશો ત્રસ્ત...!!

### નવો ડાયવર્ઝન બનાવ્યો હોવા છતાં ભરચક રહેણાંક વિસ્તારમાંથી પસાર થતો હેવી લોડીંગ ટ્રાફિક આ વિસ્તારના નાગરિકો માટે સમસ્યારૂપ : આરસીસી રોડને પણ નુકસાન થઈ રહ્યું છે : બાળકો સહિત તમામના માથે ગંભીર અકસ્માતનું જોખમ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગરમાં સમાવિષ્ટ વાવોલ વિસ્તારમાં એક તરફ મોટાભાગના રોડ રસ્તા પર ગાબડાં અને ખાડાં પડી જવાથી સામાન્ય વાહનચાલકો ખૂબ જ પરેશાનીનો ભોગ બની રહ્યા છે, મુખ્ય માર્ગો પર ગાયોના અડિંગાથી પ્રજાને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે, જયારે બીજી તરફ જીઆઈડીસી તરફથી એસજી હાઈવે તરફ જતો હેવી લોડીંગ વ્હિકલ્સનો ટ્રાફિક નવો બાયપાસ માર્ગ બનાવ્યો હોવા છતાં કોલવડા ચોકડીથી કિર્તીધામ સોસાયટી તરફના ભરચક રહેણાંક વિસ્તારમાં થઈને પસાર થઈ રહ્યો હોવાથી આ વિસ્તારના રહીશો માટે માથાના દુઃખાવા સમાન બનવા સાથે ગંભીર અકસ્માત સર્જાવાનું જોખમ તોળાઈ રહ્યું છે.

સેકટર-૨૫ ખાતેની ઈલેકટ્રોનિકસ જીઆઈડીસી થી ગોકુલપુરા થઈને એસજી હાઈવે તરફ જતાં 'ક' રોડના એકટેન્શન રોડ પરથી જીઆઈડીસીના ભારે વાહનોનો ટ્રાફિક લોડ ડાયવર્ટ કરવા માટે શાંતિવન સોસાયટી પાસેથી નવો રોડ પસાર થાય છે જે હજુ અધુરો હોવાથી તેનો ઉપયોગ આ વાહનો કરી શકે તેમ નથી જેથી આ વાહનો જુના માર્ગે જ આગળ વધે છે પરંતુ કોલવડા ચોકડીથી સીધા પુન્દ્રાસણ તરફના માર્ગે આગળ વધી સરબા પેટ્રોલપંપથી ડાબી તરફ ડાયવર્ઝન મેળવવાનો હોય છે જેના બદલે હજુ પણ અનેક ટ્રક તથા ટેન્કરચાલકો કોલવડા ચોકડીથી શાલીન સોસાયટી આગળ થઈને કીર્તીધામ સોસાયટી તરફના ઉવારસદ માર્ગે વળી જાય છે. આ માર્ગ ભરચક રહેણાંક વિસ્તાર ધરાવે છે અને આ માર્ગ પર શાલીન સોસાયટી ઉપરાંત સંકલ્પ રોયલ બંગ્લોઝ, શાલીન-૩, શાલીન-૪ એપાર્ટમેન્ટ, શાલીન-૫ એપાર્ટમેન્ટ, ગ્રીનપાર્ક સોસાયટી અને જુના ગામ વિસ્તારના મકાનો પણ મોટી સંખ્યામાં છે. વળી, આ માર્ગ અડધો આરસીસી રોડ બનાવેલો છે જેને આ હેવી લોડીંગ વ્હિકલ્સને કારણે ભારે નુકસાન થઈ રહ્યું છે તેમજ આ વિસ્તારના રોડ સાઈડના મકાનોને પણ આ હેવી ટ્રાફિકના લીધે અસર પડી રહી છે વળી, અહીં રહેણાંક વિસ્તાર ભરચક હોવાથી નાના બાળકો સાયકલ લઈને જતા આવતા હોય કે મહીલાઓ-વડીલો પસાર થતા હોય છે જેમને આ ભારે વાહનોની જોખમી અવરજવરથી પરેશાની થવાથી અકસ્માત સર્જાવાનો ગંભીર ખતરો તોળાઈ રહ્યો છે.

**સતત ૨૪ કલાક દોડતા ભારે વાહનોથી કંટાળેલા રહીશો આંદોલન કરી શકે છે**

**વાવોલની કોલવડા ચોકડીથી કિર્તીધામ સોસાયટી તરફ જતા માર્ગે ટ્રક, ટ્રેલર કે ટેન્કર સહિતના ભારે વાહનોની અવરજવર સતત ૨૪ કલાક દિવસ-રાત ચાલુ હોય છે જેના કારણે આ માર્ગ બંને તરફની સોસાયટીના રહીશો ખાસ કરીને રાત્રિના સમયે વાહનોની અવરજવરના અવાજોથી પણ ત્રસ્ત છે. એમાં ભારે વાહનોમાં લગાડાયેલા કાનના પડદા ફાડી નાંખે તેવા ચિચિયારી પાડતા હોર્ન વારંવાર વગાડવાની આદતોથી રાત્રિના સુનકારના સમયે નાગરિકો શાંતિથી નિંદર પણ માણી શકતા નથી. અવાજના આ પ્રદૂષણ સાથે સતત વાહનોની અવરજવરથી ઉડથી ધૂળ રેતીની ડમરીઓના કારણે રોડસાઈડના રહીશો પોતાના ઘરની બારી ખુલ્લી રાખી શકતા નથી કે ગેલેરીમાં બેસી શકતા નથી. આ સ્થિતિમાં ભારે વાહનોની અવરજવરથી છુટકારો મેળવવા આ રોડ પરની સોસાયટીના રહીશોએ ખ માર્ગના રહીશોની જેમ આંદોલન છેડવું પડે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે.**

**ચિરવિદાય**

- સ્વ. ભુપતસિંહ વિરસંગભાઈ ડોડીયા, ઉ.વ. ૫૩, સાયલા, જી. સુરેન્દ્રનગર
- સ્વ. પ્રેમબિહારીલાલ સિન્હા, ઉ.વ. ૬૨, સેકટર-૮, ગાંધીનગર
- સ્વ. ઠાકોર પુંજાબેન ભાનુજી, ઉ.વ. ૧૮, રાંધેજા, તા. ગાંધીનગર
- સ્વ. નટવરલાલ સાંકળચંદ પટેલ, ઉ.વ. ૭૦, અડાલજ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ લક્ષ્મીબેન દશરથભાઈ, ઉ.વ. ૬૧, છત્રાલ, તા. કલોલ
- સ્વ. ત્રિવેદી જગદીશકુમાર રમણલાલ, ઉ.વ. ૪૫, કડજોદરા, તા. દહેગામ
- સ્વ. વિનોદકુમાર કાનજીરાય જોટાણીયા, ઉ.વ. ૪૧, નાંદોલ. તા. દહેગામ